**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૭ માર્ચ ૨૦૦૯**

## રામ નાઈકની ઉપસ્થિતીમાં ઉત્તર મુંબઈમાં ભાજપનું બુથ સમિતીઓનું સંમ્મેલન

**મુંબઈ,શનિવાર :** "એકતરફ મોંઘવારી,આર્થિક મંદિ પર ઉપાયો કરવામાં કોંગ્રેસ સરકાર પૂર્ણપણે નિષ્ફળ રહી છે,અને બીજી બાજૂ સત્તા પર ન હોવા છતાંયે મહાપૂર,બોમ્બધડાકા જેવા પ્રસંગે ભાજપનાં કાર્યકર્તા પીડિત જનતાને બધીરીતે મદદ કરી રહ્યાં છે.કેંદ્રમાં સત્તા પર ન હોવા છતાંયે ભાજપ આ કામ કરી રહી છે,આ કાર્ય ની માહિતી ભાજપનાં કાર્યકર્તાઓએ છેવટ સૂધીનાં મતદારો લગી પહોંચાડવી," એમુજબનું પ્રતિપાદન માજી કેંદ્રીય પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે અહીં કર્યું હતું.ભારતીય જનતા પક્ષ ઉત્તર મુંબઈ જીલ્હાની વતી ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘની છએ વિધાનસભાનું કામકાજ જોવા ખાતર દરેક બુથ પર સમિતીઓ નીમવામાં આવેલ છે.આ બુથ સમિતી કાર્યકર્તાઓનું વિધાનસભા સ્તરે સંમ્મેલનો આયોજીત કરવામાં આવેલ છે.આમાંના સર્વપ્રથમ માગાઠાણે વિધાનસભા બુથ સમિતી કાર્યકર્તા સંમ્મેલનમાં શ્રી રામ નાઈક બોલી રહ્યાં હતાં.

આ પ્રસંગે બોલતી વેળાં શ્રી રામ નાઈકે આગળ કહ્યું કે ,"કેંદ્રમાં ભાજપ સરકાર રહેતાં અંગત વનજમીન પરનાં ઝૂંપડા અમે તોડવા દીધાં નહતાં.તેમજ સત્તાનો ઉપયોગ કેમ કરાય તે અમે ૨૬ જૂલાઈનાં મહાપૂર બાદ મહાનગરપાલિકાનાં માધ્યમથી કરેલી ઉપાયયોજના મારફત બતાવી દીધું છે.તેની સામે, ઉત્તર મુંબઇનાં હાલનાં સાંસદ શ્રી ગોવિંદાની સંસદમાં ઉપસ્થિતી ફકત ૧૨ ટકા છે,રેલ્વેની સમસ્યા,મુંબઈ પરના હુમલા,એવા કોઈ પણ વિષયમાં તેમણે સંસદમાં એકવારે મોં ખોલ્યું નથી." કાર્યકર્તાઓએ આ મુદ્દાઓ જનતા સમક્ષ લઈ જવા.બુથ સ્તર પર પણ મહિલા,યુવા,જયેષ્ઠ નાગરિકો નાં સંગઠનો બનાવવા જોઈએ,એવું પણ શ્રી રામ નાઈકે આ પ્રસંગે કાર્યકર્તાઓને કહ્યું હતું.

આ સંમ્મેલનના આરંભે ભારતીય જનતા પક્ષ બોરીવલીનાં મહામંત્રી શ્રી કેસરી યાદવના આકસ્મિક નિધન બદલ શોક વ્યકત કરવામાં આવ્યો.તેમના કાર્યોનું સ્મરણ કરતાં ભાજપ ઉત્તર મુંબઈ જીલ્હાનાં મહામંત્રી ઍડ.જયપ્રકાશ મિશ્રાએ,"એકંદરે વાતાવરણ ભાજપને અનુકુળ હોવા છતાંયે ,ખોટા આત્મવિશ્વાસમાં ગાફેલ ન રહેતાં કાર્યકર્તાઓએ સાવધ રહેવું,પોતાને સોંપેલ કાર્ય વ્યવસ્થિતપણે કરવું," એમુજબનું આવાહ્ન કર્યું.ઉત્તર મુંબઈનાં જીલ્હા ખજાનચી શ્રી રામબ્રીજ યાદવ,મંત્રી શ્રી દિલીપ પંડિત,અનુસૂચિત જાતી અને જમાતી મોર્ચાના અધ્યક્ષ શ્રી ગૌતમ પંડાગળેના પણ આ પ્રસંગે ભાષણો થયાં.

માગાઠાણે વિધાનસભાનાં અધ્યક્ષ શ્રી ગણેશ ખણકરે પોતાના પ્રાસ્તાવિક ભાષણમાં આવતાં અઠવાડિયામાં ૮ માર્ચનાં દહિસર,ચારકોપ,બોરિવલી વિધાનસભાના,અને ૧૨ માર્ચનાં કાંદીવલી પૂર્વ વિધાનસભાના બુથ સમિતીનાં સંમ્મેલનો થવાના હોવાનું કહ્યું હતું.શ્રી દિલીપ ઉપાધ્યાયે સૂત્ર સંચાલન કર્યું હતું.

**(કાર્યાલય સચિવ)**